# ડીસામાં ભાજપ-કોંગ્રેસ સાથે હવે ''અપના દળ'' મેદાનમાં

ડીસા, તા. ૩

ડીસા નગરપાલિકાની ચૂંટણી આડે જ્યારે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ભાજપ-કોંગ્રેસ બાદ હવે નવો 'અપના દળ' નામનો નવો પક્ષ પણ અપક્ષો અને શહેરના બુદ્ધિજીવી અને વિજેતા બની શકે તેવા શક્તિશાળી ઉમેદવારો સાથે મેદાનમાં ઉતરવાનો તખ્તો તૈયાર કરતા રાજકારણ ગરમાયું છે.

બનાસકાંઠાના મુખ્ય વહેપારી મથક ડીસામાં નગરપાલિકા ચૂંટણી આડે જ્યારે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ પક્ષે સત્તાના સૂત્રો હાંસલ કરવા કમર કસી છે. જોકે આ રાજકીય ગરમાવા વચ્ચે નવીન ઉત્સાહ સાથે શહેરના કેટલાક ગણમાન્ય લોકોને સાથે રાખી પાલિકામાં ઉપપ્રમુખ તરીકે રહેલા ગીરીશભાઈ પટેલ નવીન ગઠબંધન ઉભુ કરી તેને 'અપના દળ'નું નામ આપી આ દળમાં શહેરના ઉત્સાહી અને જીતી શકે તેમજ શહેરના વિકાસમાં ઉપયોગી થઈ શકે તેવા લોકોને ટીકીટ આપી જીત સુધી લઈ જવાની હાંકલ કરતા રાજકારણ ગરમાયું છે. જો કે અનામત આંદોલનમાં પાટીદાર સમાજ ભાજપથી નારાજ થયેલ છે. ત્યારે ડીસામાં પાટીદાર સમાજ સદાય અગાઉની ચૂંટણીમાં ભાજપ સાથે રહ્યો હતો. જોકે હાલની ચૂંટણીમાં પાટીદાર મતો પર ખુદ ભાજપને મદાર નથી. તો વળી સામા પક્ષે કોંગ્રેસ આ નવીન પક્ષ 'અપનાદળ' ભાજપને જ નુકશાન કરશે તેવું જણાવી રહ્યો છે. જ્યારે રાજકીય નિરિક્ષકો પણ સ્પષ્ટ પણે માની રહ્યા છે કે આ નવીનમ ગઠબંધન કોંગ્રેસ માટે ફાયદાકારક બનશે કેમ કે ગત પાંચ વર્ષના શાશનમાં કોંગ્રેસના પ્રમુખ વિપુલ શાહ અને બીજી ટર્મમાં તેમના પત્ની કેલશાબેન શાહ દ્વારા કરાયેલા કરોડોના વિકાસ કામો કર્યા હતા. અને પ્રજાને સુખાકારી સુવિધાનો વ્યાપ વધે તેવા તમામ પ્રયત્નો કરતા લોકોમાં તેમનું શાસન વખાણાયું હતું જો કે સામે પક્ષે ભાજપનું થોડા સમયનું વિવાદિત બનેલ શાસનથી લોકોમાં નારાજગી વ્યાપી હતી. વળી ભાજપના ૧૬ સદસ્યોમાં ૭ સદસ્યોએ ખુદ પાર્ટી તેમના વોર્ડોમાં વિકાસને મહત્વ નથી આપતી તેવા આક્ષેપો કરી પાર્ટીથી છેડો ફાડતા ભાજપે તેમના વિરૂદ્ધ પક્ષાંતર ધારાની કાર્યવાહી કરી હતી. જેનાથી ભાજપની પ્રતિષ્ઠાને હાની પહોંચી હતી. જેથી આ વખતે ભાજપે દૂધના બળ્યા છાશ ફૂંકીને પીએ તે રીતે પાર્ટીથી વિદ્રોહ કરે તો ઉમેદવારને દબાવી શકાય તે રીતની તમામ તૈયારી કરી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

## ગાંધીનગર ભાજપના અગ્રણી તરૂણ બારોટની નિમણૂક

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં પંચાયત અને પાલિકાઓની ચૂંટણી સંદર્ભે પ્રદેશ ભાજપ દ્વારા ચૂંટણીની કામગીરીના વિવિધ વિભાગોમાં અનુભવી કાર્યકર અગ્રણીઓની નિમણૂક કરી છે. જેમાં ગાંધીનગરના તરૂણભાઈ બારોટની બૂથ વ્યવસ્થા અને છેલ્લા દિવસની કામગીરી વ્યવસ્થા વિભાગમાં નિમણૂક કરી છે.

આ ઉપરાંત શહેરના અન્ય ૭ આગેવાનોની નિમણૂક વિવિધ વિભાગોમાં કરાઈ છે.

# રાજદ્રોહના પ્રકરણમાં હાર્દિકને જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાયો

## રિમાન્ડ પુરા થતાં સઘન સુરક્ષા વચ્ચે કોર્ટમાં રજુ કરાયા બાદ હાર્દિકને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવા આદેશ

અમદાવાદ, તા. ૩

પાટીદાર અનામત આંદોલન છેડીને સમગ્ર ગુજરાતને હચમચાવી મુકનાર પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલને હવે જ્યુડીશીયલ કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યો છે. હાર્દિકે સાબરમતી જેલમાં મોકલવાનો આદેશ કોર્ટ દ્વારા કરાયો હતો.

હાર્દિક પટેલની રિમાન્ડની અવધિ પુરા થયા બાદ તેને મેટ્રો કોર્ટમાં રજુ કરાયો હતો, જ્યાં પહેલાથી જ સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. બીજીબાજુ રાજદ્રોહનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પણ જઈ શકે છે. વરિષ્ઠ વકિલ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલ હાર્દિક પટેલનો કેસ લડે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. રાજદ્રોહનો કેસ પાછો ખેંચાયો નથી. સુપ્રીમમાં થયેલી અરજીની સુનાવણીમાં કપિલ સિબ્બલ મુખ્યરીતે દલીલો કરશે. કોર્ટ લવાયેલા હાર્દિક પટેલ રજુઆત કરી હતી કે ન્યાયિક પ્રક્રિયામાં રાજકારણ ન હોય. પોલીસે વધુ બે દિવસના રિમાન્ડ લઈને મારી કોઈ પુછપરછ કરી નથી. ખાલી બેસાડી રાખ્યો છે.

૨૫ ઓગસ્ટ બાદ રાજ્યભરમાં ફેલાઈ હતી. અનામત આંદોલન અંતર્ગત પાટીદારના કન્વીનર અને કાર્યકરોએ યોજેલી સભા, યાત્રા દરમિયાન ભડકાઉ ભાષણ બદલ ક્રાઈમ બ્રાંચે હાર્દિક પટેલ અને તેના ત્રણ કાર્યકરોની ધરપકડ કરી હતી. આ પહેલાં કોર્ટે સાત દિવસના રિમાન્ડ પુરા થતાં ફોજદારી કોર્ટમાં તેને રજુ કરાયો હતો. ક્રાઈમ બ્રાંચે હાર્દિકના વધુ સાત દિવસના રિમાન્ડની માગ કરતાં હાર્દિક પટેલને વધુ બે દિવસ સોંપવાનો આદેશ કર્યો હતો. જે આજે પુરા થતા તેને કોર્ટમાં લવાયો હતો.



# મોડાસામાં ચૂંટણીને પગલે નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૩

આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ અન્વયે ચૂંટણીમાં વિશાળ પાયાની કામગીરી અસરકારક, ચોકસાઈથી, ગંભીરતાપૂર્વક અને ખૂબ જ ચકાસણી કરીને કરવાની થતી હોઈ જુદી જુદી કામગીરી માટે જિલ્લાના સિનિયર અધિકારીઓ, નોડલ અધિકારીઓ કામગીરીના હૂકમ બાબતે અરવલ્લી જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકના અધ્યક્ષ સ્થાને તાજેતરમાં કલેક્ટર કચેરી ખાતે બેઠકનું આયોજન કરાયું હતું.

આ બેઠકમાં મેન પાવર મેનેજમેન્ટ, ઈ.વી.એમ. મેનેજમેન્ટ, ચૂંટણી માટે જરૂરિયાત મુજબના વાહનો માટે ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ, ચૂંટણી સાથે સંકળાયેલ તમામ અધિકારી/કર્મચારીઓને ટ્રેનિંગ મેનેજમેન્ટ, ચૂંટણીલક્ષી સ્ટેશનરી-સાધન સામગ્રી માટે મટીરિયલ મેનેજમેન્ટ, આચાર સંહિતા અમલીકરણની ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત ઉમેદવારના ચૂંટણી ખર્ચનું મોનિટરીંગ, ઓબ્ઝર્વર સાથે લાઈઝનીંગ, પોસ્ટલ બેલેટ-બેલેટ પેપર/ડમી બેલેટ પેપર, મીડિયા મેનેજમેન્ટ, કોમ્પ્યુટરાઈઝેશન, સ્વાપ અમલીકરણ, હેલ્પ લાઈન અને ફરિયાદ નિવારણ, કોમ્યુનિકેશન પ્લાન, કર્મચારી-અધિકારીશ્રીના કલ્યાણ વેલફેર, માઈગ્રેટરી વોટર્સ, ઈ-ડેશ બોર્ડ અને આઈ.ટી. રિલેટેડ તમામ મતદાન મથકો પર ફર્સ્ટ એઈડની કીટ અંગેની વ્યવસ્થા કરવા જણાવી તમામ પ્રકારની કામગીરીના મોડલ અધિકારીઓ તેઓના કાર્ય અંગે ચર્ચા કરી કલેક્ટરશ્રીએ જરૂરી માર્ગદર્શન તેમજ સૂચનાઓ આપી હતી.

બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર ચિરાગ ચાવડા, જિલ્લા અધિક પોલીસ મયૂર ચાવડા, નાયબ જિલ્લા કલેક્ટર એસ. બી. પટેલ તેમજ સંલગ્ન અધિકારીઓ, તમામ નોડલ અધિકારીઓ હાજર રહ્યાં હતા.



## શામળાજી બાયપાસ પાસે ટ્રક પલ્ટી : જાનહાની ટળી

અરવલ્લી જિલ્લાના મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર સરકારી ઈજનેરી કોલેજ નજીક બાયપાસ ચોકડી પર આજે વહેલી સવારે દિલ્હીથી મુંબઈ માલસામાન ભરીને જતો ટ્રક (ગાડી નં. એચઆર.૫૫.કે.૬૧૯૯)ના ચાલકે પૂરપાટ ઝડપે ગફલતભરી રીતે હંકારી સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક પલટી ખાઈ ડીવાઈડર સાથે અથડાઈ હતી. ટ્રકના આગળનો ભાગ તુટી ગયો હતો. સદનસીબે જાનહાની ટળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ડીસામાં શોર્ટ સર્કિટમાં કપડાની દુકાન આગમાં સ્વાહા : ચાર લાખથી વધુનું નુકશાન

ડીસા, તા. ૩

ડીસામાં ગત રાત્રીએ એક વીજળીનાં હાઈ વોલ્ટેજ અચાનક વધતા સર્જાયેલી શોર્ટ સર્કિટમાં કપડા ભાડેથી આપતા એક વહેપારીની ગોદામમાં આગ લાગી હતી. જો કે વીજતંત્ર રાહત અને બચાવમાં મોડુ આવતા આ ગોદામમાં પડેલા કપડાના ચાર લાખથી પણ વધુનો માલ બળી ગયો હતો.

બનાસકાંઠાના ડીસામાં શૈલેષભાઈ ઠક્કર નવરાત્રી અને અન્ય પ્રસંગોએ ટ્રેડીશનલ ડ્રેસ અને અન્ય કપડા ભાડેથી આપવાનો વ્યવસાય ધરાવે છે. જેમની લાલ ચાલી વિસ્તારમાં કપડાની ગોદામ આવેલો છે. જો કે ગત મોડી રાત્રે આ કપડાની ગોદામમાં આગ લાગી હતી. પ્રાથમિક તપાસમાં એવી વાત બહાર આવી હતી કે આ વિસ્તારમાં પ્રથમ લાઈટ ગઈ હતી અને ત્યારબાદ પુનઃ લાઈટ આવતા ગમે તે કારણોસર વીજપુરવઠો ડબલ થયો હતો. જેનાથી શોર્ટ સર્કિટ સર્જાઈ હતી અને વીજ વાયરોમાં ધુમાડો નીકળવા લાગ્યો હતો. આ મામલે સ્થાનિકોએ વીજ વિભાગની ટેલીફોનથી ફોલ્ટ લખાવવા કોશિશ કરી હતી. જો કે વીજ વિભાગના ટેલિફોન બંધ આવતા રૂબરૂ જઈ ફોલ્ટ નોંધાવ્યો હતો. જો કે તે દરમ્યાન મોડુ થતા આ ગોદામ આગમાં સ્વાહા થઈ હતી. જો કે ડીસા નગરપાલિકા ફાયર ફાઈટર ટીમે આગને અન્ય મકાનો સુધી પ્રસરતી અટકાવી હતી. આ આગમાં વહેપારીને ચાર લાખથી વધુનું નુકશાન થયું હતું.



# ઉમેદવારો નક્કી કરવા માટે કોંગ્રેસની શ્રેણીબદ્ધ મિટિંગો

અમદાવાદ, તા.૩

કોંગ્રેસ દ્વારા રાજયની છ મહાનગરપાલિકાઓની ચૂંટણીના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા ગઈ મોડી સાંજે પૂર્ણ થયા બાદ આજથી જિલ્લા-તાલુકા પંચાયતોના ઉમેદવારોની પસંદગી માટે ત્રણ દિવસની બેઠકોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત અને ૫૬ નગરપાલિકાઓના ઉમેદવારો માટે આજે શરૂ થયેલી બેઠકના પ્રથમ દિવસે ખેડા, આણંદ, મહીસાગર, દ્વારકા, કચ્છ, પોરબંદર અને જામનગર વગેરે ૧૦ જિલ્લાઓ તથા જિલ્લામાં આવતી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના ઉમેદવારોની પસંદગી હાથ ધરવામાં આવશે. કોંગ્રેસના ગુજરાતના પ્રભારી ગુરુદાસ કામત,પ્રદેશ પ્રમુખ ભરતસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે આજથી શરૂ થયેલી ત્રણ દિવસીય બેઠકમાં જે જિલ્લાનું હીયરીંગ હાથ ધરવામાં આવશે. તેમાં જે-તે જિલ્લાના પ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખ, ન.પા.ના પ્રમુખ તથા સ્થાનિક ધારાસભ્યને હાજર રાખવામાં આવશે તેમ કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લા-તાલુકા પંચાયતના ઉમેદવારોની પસંદગી માટે સ્થાનિક સ્તરના નેતાઓ, સંગઠનના પદાધિકારીઓએ સર્વાનુમતે પસંદ કરાયેલા નામોની પેનલમાંથી ઉમેદવારોની પસંદગીને આખરી ઓપ આપશે. હાલમાં ખાસ કરીને પાટીદારોની ઈફેક્ટ ગ્રામ્ય વિસ્તાર પર સૌથી વધુ થાય તેમ છે પરિણામે જિલ્લા-તાલુકા પંચાયતની ટિકિટ મેળવવા દાવેદારોની સંખ્યા વધુ છે.

# શહેરના ઓઢવ વિસ્તારમાં મળી પોતાની સ્પેશ્યાલિટી હોસ્પિટલ

અમદાવાદ, તા. ૩

'સૌને પોસાય તેવી ક્વોલિટી કેર'ના મિશન સાથે સમાજને જવાબદાર ઉદ્યોગસાહસિકોના એક જૂથ દ્વારા એક અનોખા હોસ્પિટલ 'સેન્ટરલ યુનાઈટેડ હોસ્પિટલ' (સીયુએચ)નો અમદાવાદના ઓઢવ વિસ્તારમાં પ્રારંભ થયો છે. સારવારનાં સર્વોચ્ચ ધોરણોની સાથે સાથે રોગ અટકાવવાની, વહેલા નિદાનની અને સારવારને સર્વે સુવિધાઓ ઉપલબ્ધ છે.

સેન્ટ્રલ યુનાઈટેડ હોસ્પિટલ, અમદાવાદના ડિરેક્ટર-કોમ્યુનિટી સર્વિસ જીતેન પટેલ જણાવે છે કે 'ઔદ્યોગિક વિકાસ અને ગુજરાત તથા અન્ય રાજ્યોના ગ્રામ્ય વિસ્તારોમાંથી સ્થળાંતરને કારણે પૂર્વ અમદાવાદમાં ઘણું પરિવર્તન આવ્યું છે. વર્તમાન સરકારી અને ખાનગી વ્યવસ્થાને પૂરક બને તે રીતે, મુખ્ય માર્ગ ઉપર મોકાના સ્થળે આવેલી અને બીઆરટીએસ સાથે કનેક્ટીવીટી ધરાવતી સીયુએચની સ્થાપના કરવામાં આવી છે. મોકાના સ્થળે આવેલી હોવાને કારણે અમદાવાદ આસપાસનાં ગામો, તથા ખેડા, પંચમહાલ અને સાબરકાંઠા જેવા નજીકના જિલ્લાના દર્દીઓને સીયુએચ દ્વારા ઓફર કરાયેલી તબીબી સેવાઓ સુલભ બનશે.

સેન્ટ્રલ યુનાઈટેડ હોસ્પિટલ, અમદાવાદના મેડિકલ ડિરેક્ટર ડૉ. પાર્થિવ મહેતા જણાવે છે કે 'તમામ પ્રકારના દર્દીઓને સેવા આપવાના ધ્યેય સાથે અમદાવાદમાં સેન્ટ્રલ યુનાઈટેડ હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીઓને સહાયરૂપ થવા અલાયદી વોકેશનલ થેરાપી સુવિધા ઉભી કરવામાં આવી છે. ઔદ્યોગિક વિસ્તારની જરૂરિયાત પૂર્ણ થાય તે માટે અને ઈમરજન્સીની સ્થિતિને પહોંચી વળવા નિશ્ચિત સ્ટાફ મોડી રાત સુધી હાજર રહેશે.'

## વિચારોનાં મધુવનમાં (૪ પાનાનું ચાલુ...)

શરૂ કરીને મશ્કેલીઓના સમાધાન માટે સામાન્ય નાગરિકો પણ આવે છે. આ બધામાંથી કેટલાક એવા નાગરિકો પણ હોય છે જેને કઈ ઑફિસમાં જવું, કોને મળવું, ક્યારે મળવું તે વિશે પૂરતા અનુભવ વિના અહીંથી ત્યાં ફંગોળાવાનો વારો આવતો હોય છે. સરકાર ઈચ્છે તો આવા લોકો માટે યોગ્ય માર્ગદર્શનથી શરૂ કરી રાત્રી રોકાણથી સુધીની સુવિધા ઊભી કરે શકે.કોઈ એક એક મધ્યસ્થ કાર્યાલયમાંથી શક્ય હોય તો કામ પૂરું કરી શકાય તેવી વ્યવસ્થા ઊભી કરી શકાય.

સ્માર્ટ ગાંધીનગર માટેના કેટલાક મૈલિક સૂચનો :

૧. વિદ્યાનગરી તરીકે વિકાસ - કોઈ એક જરૂરી ઓળખ સાથેનો વિકાસ. કારણકે, ઉત્તર ગુજરાતમાં વિદ્યાપ્રાપ્તિ ક્ષેત્રે ગાંધીનગરને પ્રગત કરી શકાય તેમ છે.

૨. રાજકીય જ્ઞાન નગરી તરીકે વિકાસ - પૂરા ગુજરાતની રાજકીય ગતિવિધિઓ અહીંથી સંચાલિત અને આંદોલિત થાય છે. રાજકીય જ્ઞાન, ઈતિહાસ, વારસો અને વિકાસ અંગેની જરૂરી તમામ બાબતોનો વિકાસ. રાજ્યશાસ્ત્રનો અભ્યાસ કરાવી શકે તેવી વિશ્વકક્ષાની યુનિવર્સિટી ગાંધીનગરની ઓળખ બની શકે.

૩.ગાંધી વિચાર નગરી તરીકે વિકાસ - ગાંધીજીના નામને સાર્થક કરતા આકર્ષણો સાકાર કરવા. મહાત્મા મંદિર તેની શરૂઆત તરીકે ગણી શકાય. હજી પણ શૈક્ષણિક, રચનાત્મક પ્રવૃત્તિ સંદર્ભે, રાજકીય વિચાર ફલકની દ્રષ્ટિએ, નાગરિક ઘડતરની ભૂમિકા વગેરે વિષયો અંગે ચિંતન નિર્માણ કરી શકીએ.

- rrpatel_1970@yahoo.in

## કોંગીની માર્ચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાહુલે કહ્યું હતું કે લોકોની હત્યાઓ થઈ રહી છે અને વડાપ્રધાન મૌન છે. મોદી એમ વિચારે છે કે તેમને આવા મામલા ઉપર બોલવાની જરૂર નથી. આરબીઆઈના ગવર્નર કહી ચુક્યા છે, રાષ્ટ્રપતિ પણ કહી ચુક્યા છે અનેક લોકો પોતાના એવોર્ડ પરત આપી ચુક્યા છે. આટલું બધુ થયા બાદ પણ અરૂણ જેટલીને લાગે છે કે દેશમાં કોઈપણ માહોલ બગડ્યો નથી. બીજીબાજુ મોદી સરકારમાં કેન્દ્રીય પર્યાવરણ પ્રધાન રહી ચુકેલા પ્રકાશ જાવડેકરે કહ્યું છે કે કોંગ્રેસની આ માર્ચ રાજકીય નાટક સમાન છે. કોંગ્રેસની સમગ્ર યોજના અસહિષ્ણુતા ભરેલી છે. હજારો ગરીબ મુસ્લિમોના પ્રશ્ને વાત થઈ રહી નથી. ત્રણ હજાર શિખોની હત્યા કરવામાં આવી હતી. છતાં પોલીસે કોઈ ગોળીબાર કર્યો નહતો.

કેન્દ્રીય મંત્રી વૈંકેયા નાયડુએ કહ્યું છે કે, કોંગ્રેસ પાર્ટીના લોકો રાષ્ટ્રપતિભવનમાં પહોંચ્યા છે. કોંગ્રેસ પાર્ટીમાં રાજકીય અસહિષ્ણુતા કોઈ નવી બાબત નથી. ઈમરજન્સી દરમિયાન તેઓએ લોકોનો અવાજ દબાવી દેવાના પ્રયાસ કર્યા હતા. હવે તેઓ છુટા છવાયા બનાવો કરીને વાંધો ઉઠાવી રહ્યા છે. કેન્દ્રીય મંત્રી જાવડેકરે આને રાજકીય ડ્રામાબાજી ગણાવીને વાંધો ઉઠાવ્યો હતો. ભાજપના પ્રવક્તા સંદીપ પાત્રાએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી દ્વારા અસહિષ્ણુતા સામે માર્ચ યોજવામાં આવી છે. ભાજપના નેતાઓ બિનજરૂરી મુદ્દાઓ ઉઠાવતા નથી. પરંતુ કોંગ્રેસના નેતાઓ હોબાળો મચાવી રહ્યા છે. બીજીબાજુ કોંગ્રેસે અસહિષ્ણુતાના મુદ્દા પર નિવેદન કરવા બદલ રાષ્ટ્રપતિનો આભાર માન્યો છે. પ્રણવ મુખર્જી સાથે બેઠક બાદ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, રાષ્ટ્રપતિનું નિવેદન આવી ચુક્યું છે પરંતુ મોદી શાંત છે.

## ગળાકાપ સ્પર્ધા

● અનુસંધાન પહેલાનું ચાલુ

થશે. બન્ને કંપનીઓ માર્કેટમાં પ્રભુત્વ જમાવવામાં મદદ મળી શકે છે. થ્રીજી સર્વિસ માટે પણ અગાઉ આવી જ સ્પર્ધા રહી હતી. એરટેલ દ્વારા થ્રીજી સર્વીસ માટે જે રેટ હતા તેના કરતા પણ ઓછા રેટમાં ફોરજી ટેલીકોમ સર્વીસ લોન્ચ કરી દીધી છે. અન્ય નેટવર્ક પરથી પણ થ્રીજી ગ્રાહકોને ખેંચવાના પ્રયાસ કરાઈ રહ્યા છે.

ભારતમાં ફોરજી ગ્રાહક નેટવર્ક આગામી દિવસોમાં અતિઝડપથી વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બેંક ઓફ અમેરિકા મેરીલ લીન્ચના અહેવાલમાં જણાવાયું છે કે, ૨૦૧૭-૧૮ સુધી ભારતીય ફોરજી ગ્રાહક નેટવર્ક નવ કરોડ સુધી પહોંચે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. જ્યારે ફોરજી સ્માર્ટફોન નેટવર્ક ૨૦૧૫-૧૬માં પાંચ મિલીયનથી વધીને ૨૦૧૭-૧૮ સુધી ૧૮૦ મિલીયન સુધી પહોંચી શકે છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, અતિઝડપથી નેટવર્ક વધારવાના પ્રયાસો કંપની દ્વારા કરાઈ રહ્યા છે. આ વર્ષની શરૂઆતમાં એરવેઇઝની હરાજી પ્રક્રિયા યોજવામાં આવી હતી. હાલમાં એરટેલ અને વોડાફોન દ્વારા ભારતમાં ફોરજી ટેલિફોની અને ડેટા સર્વિસ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. રિલાયન્સની પણ તૈયારી થઈ ગઈ છે.

## મતદાન મથકો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે ૧૭૨ મતદાન મથકો સંવેદનશીલ હોવાનું તારણ છે.

ઉમેદવારી પત્રો ભરાયા પછી આ સંખ્યામાં વધઘટ થવાની સંભાવનાઓ હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ જ અપ્રિય ઘટના ના બને તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે. આ માટે ગૃહ વિભાગને પ્લાન પણ મોકલવામાં આવી રહ્યો છે.

જિલ્લાતંત્રએ પોલીસ બંદોબસ્ત તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉપરાંત અન્ય બાબતોને લઈ ચૂંટણી અધિકારીઓ અને કલેક્ટર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની એક સંયુક્ત બેઠક પણ યોજાઈ ગઈ છે.

જિલ્લામાં ચૂંટણીની આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. જો કે હજુ સુધી કોઈ જ ફરિયાદ તંત્રને મળી નથી.

તંત્ર દ્વારા નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી માટેની સંપૂર્ણ તૈયારીઓ થઈ ચુકી છે. જિલ્લામાં રાજકીય ગરમાવો પણ ધીમી ગતિએ પકડાઈ રહ્યો છે. જો કે આ સપ્તાહ બાદ તેમાં ધમધમાટ જોવા મળશે.

## કામગીરી ઠપ્પ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચેરીમાં સર્વર ડાઉન થતા સઘળી કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. થોડા સમય અગાઉ આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થતા ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક અને લાઈસન્સ સહીતની કામગીરી અટવાઈ ગઈ હતી. જેના પરિણામે અરજદારો ફાંફે ચઢયા હતા. હાલ દિવાળીના તહેવાર ટાંણે પણ સર્વર ડાઉન થતા વિવિધ કામગીરી અર્થે કચેરીમાં આવેલા મુલાકાતીઓએ ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો.

## 33 સુચનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યવસ્થા કરવી પણ જરૂરી છે. મજુરો માટે રેઈન બસેરા બનાવવાની યોજના પણ અધ્ધરતાલ છે. આ સઘળી બાબતે યોગ્ય આયોજન કરવાની અનિવાર્યતા છે. આ ઉપરાંત રાજયના અન્ય શહેરોની જેમ અલગ અલગ સમિતિઓની રચના કરવાની અનિવાર્યતા છે. માર્ગ સલામતી તેમજ રેલવેને સંબંધિત પ્રશ્નો અંગે પણ જરૂરી અભ્યાસ હાથ ધરવાની અનિવાર્યતા હોવાનુ મહામંડળના પ્રતિનિધિઓ દ્વારા જણાંવાયુ છે.અગાઉ ગાંધીનગરના વિકાસ માટે ટાટા કન્સલટન્સી તેમજ અસ્નાની સમિતિને બે વાર કામ સોંપવામાં આવ્યુ હતુ. જેનો રીપોર્ટ સ્માર્ટ સીટી બનાવવાની કાર્યયોજનાને અનુલક્ષી આમ નાગરિકોની સમક્ષ રજુ કરવા તેમજ મહેતા એસોસિએટસને પણ અભ્યાસ માટે સુપ્રત કરવા સુચવાયુ છે.

**જાહેર નિવિદા (હરાજીની) નં.૫ (એસ.કે.) સને ૨૦૧૫-૧૬, બીજો પ્રયત્ન**

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા બિન ઉપયોગી સ્ટીલ (માલસામાન) ૫૭૬૫ કિલોનો હરાજી દ્વારા નિકાલ કરવાનો હોય પાન નંબર / ટીન નંબર ધરાવતા ઈસમો / વેપારીઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો રોકડા રૂ. ૬૦૦/- ફી ભર્યેથી તા. ૧૯/૧૧/૨૦૧૫ સમય ૧૬.૦૦ કલાક સુધી આપવામાં આવશે. અને ભાવ ભરેલ ભાવપત્રકો તા. ૨૬/૧૧/૨૦૧૫ સમય : ૧૬.૦૦ કલાક સુધીમાં ફક્ત રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. ભાવપત્રક સાથે જામીન અનામતની રકમ રૂ. ૬૦૦૦/-ની એફ.ડી.આર. અવશ્ય આપવાની રહેશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો.

માહિતી/૧૮૩૯/૨૦૧૫-૧૬

**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION GUJARAT**
RamkrushnaParamhansVidyaSankul Near Mahatma Mandir,
'KH' Road, Sector 15, Gandhinagar-382016 (Gujarat)

**CCTV કેમેરા લગાવવા અંગેના ભાવપત્રક**

આઈ.આઈ.ટી.ઈ.ના સેક્ટર-૨૪ ખાતેના છાત્રાલય બિલ્ડીંગમાં સલામતી અને સુરક્ષાના ભાગરૂપે CCTV Surveillance System મુકવાની થાય છે. જેના ભાવપત્રક બંધ કવરમાં નીચેના સરનામે તા. ૬/૧૧/૨૦૧૫ સુધીમાં આમંત્રિત કરવામાં આવે છે. આ કામની અંદાજીત કિંમત રૂ. ૨ લાખ છે. આ અંગેની વધુ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.iite.ac.in ઉપરથી અથવા યુનિવર્સિટીની ઓફીસ ખાતેથી મેળવી શકાશે.

બંધ કવરમાં ભાવપત્રક મોકલવાનું સરનામું
કુલસચીવ, ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન
રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે,
ખ-રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર - ૩૮૨૦૧૬

તા. ૪/૧૧/૨૦૧૫ કુલ સચીવ (કા.)